# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 10-08-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day: MONDAY** **National News**

## આકાશવાણી સમાચાર મિત્તલ પટેલ વાંચે છે.

****************************************************

1) **રાજ્યસભાની મંજૂરી સાથે કરવેરા અને અન્ય કાયદા સુધારા વિધેયક 2026 સંસદમાં પસાર.**
2) **લોકસભાએ ન્યાયપંચ સુધારા વિધેયક, 2026 પસાર કર્યું.**
3) **કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ કહ્યું, સરકાર વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન સહિતના મુદ્દાઓ પર સંસદમાં વિગતવાર ચર્ચા માટે તૈયાર.**
4) **કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે હર ઘર તિરંગા અભિયાનને દેશની સામૂહિક શક્તિનું પ્રતિબિંબ ગણાવ્યું.**
5) **અમેરિકાની નાકાબંધી સામે હોર્મુઝ સામુદ્રધુની ફરી ખોલવા ઇરાનનો ઇનકાર.**

**************************************************************************************

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# REV RS - TAXATION BILL

સંસદે આજે કરવેરા અને અન્ય કાયદા સુધારા વિધેયક 2026 પસાર કરી દીધું છે અને રાજ્યસભાએ ચર્ચા કર્યા પછી તેને લોકસભામાં પરત કર્યું છે. લોકસભા પહેલા જ વિધેયક પાસ કરી ચૂકી છે. કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે વિધેયક રજૂ કર્યું હતું. આ વિધેયક ચુકવણી અને સમાધાન પ્રણાલી અધિનિયમ, 2007, આવકવેરા અધિનિયમ, 2025 અને નાણાં અધિનિયમ, 2026 માં સુધારો કરશે. આ વિધેયક આવકવેરા સુધારા વટહુકમ, 2026 ને પણ બદલશે, જે આ વર્ષે 5 જૂને બહાર પાડવામાં આવ્યો હતો.

આ વિધેયક વિદેશી સંસ્થાકીય રોકાણકારો અને બેંક ફોર ઇન્ટરનેશનલ સેટલમેન્ટ્સને સરકારી જામીનગીરીમાં રોકાણ પર મળેલા વ્યાજ પર આવકવેરો ચૂકવવાથી મુક્તિ આપે છે. આ મુક્તિ આ વર્ષે 1 એપ્રિલના રોજ અથવા તે પછી થતી આવક પર લાગુ થશે. ચર્ચાનો જવાબ આપતા, નાણામંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું હતું કે, મોટો સુધારો ભારતમાં ચોક્કસ ડેટા સેન્ટરોમાંથી ડેટા સેવાઓ મેળવતી વિદેશી કંપનીઓને કર મુક્તિ આપવા સાથે સંબંધિત છે. મંત્રીએ સ્પષ્ટતા કરી કે આ વિધેયક UPI વપરાશકર્તાઓ પર કોઈ કર કે વ્યવહાર શુલ્ક લાદતું નથી.

# EVE LS - TRIBUNALS BILL

લોકસભાએ ન્યાયપંચ સુધારા વિધેયક, 2026 પસાર કરી દીધું છે. વિપક્ષના હોબાળા વચ્ચે કાયદા અને ન્યાય રાજ્યમંત્રી અર્જુન રામ મેઘવાલે ન્યાયપંચ સુધારા વિધેયક, 2026 રજૂ કર્યું. આ વિધેયકનો ઉદ્દેશ કાર્યક્ષમતામાં સુધારો, સ્વતંત્રતા, પારદર્શિતા અને લાયકાતમાં એકરૂપતા, વિવિધ ન્યાયપંચના અધ્યક્ષો અને સભ્યોની નિમણૂક તેમજ ન્યાયપંચના વહીવટ અને કામગીરીમાં સુધારો કરવાનો છે. તેમાં રાષ્ટ્રીય ન્યાયપંચ આયોગની સ્થાપના કરવાનો પણ પ્રસ્તાવ છે. શ્રી મેઘવાલે જણાવ્યું હતું કે કહ્યું કે, ટ્રિબ્યુનલનો હેતુ અદાલતોને બદલવાનો નથી પરંતુ આધુનિક શાસનમાં પૂરક સંસ્થાઓ તરીકે કાર્ય કરવાનો છે.

જોકે, વિપક્ષના હોબાળા વચ્ચે આ વિધેયક ચર્ચા વિના પસાર થઈ ગયું. પ્રમુખ અધિકારી, જગદંબિકા પાલે વારંવાર વિરોધ કરી રહેલા સભ્યોને તેમની જગ્યાએ પાછા ફરવા અને ગૃહને કાર્યરત થવા દેવા વિનંતી કરી. હોબાળો યથાવત રહેતાં, અધ્યક્ષે ગૃહની કાર્યવાહી આવતીકાલે સવારે 11 સુધી સ્થગિત કરી.

અગાઉ, જ્યારે ગૃહ પ્રથમવાર મુલતવી રહ્યું પછી બપોરે 12 વાગ્યે મળ્યુ, ત્યારે કોલસા અને ખાણ મંત્રી જી. કિશન રેડ્ડીએ ખાણ અને ખનીજ વિકાસ અને નિયમન સુધારા વિધેયક, 2026 રજૂ કર્યું. ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાયે કેરળ નામમાં ફેરફાર વિધેયક, 2026 રજૂ કર્યું. જ્યારે સહકાર રાજ્યમંત્રી મુરલીધર મોહોલે રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ સુધારા વિધેયક, 2026 રજૂ કર્યું.

# REV RS - BANKERS BILL

રાજ્યસભાની મંજૂરી સાથે આજે બેંકના ચોપડાના પુરાવા અંગેનું વિધેયક, 2026 આજે સંસદમાંથી પસાર થયું છે. લોકસભાએ આ વિધેયક પહેલાથી જ પસાર કરી દીધું છે. કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે આ વિધેયક રજૂ કર્યું, જેનો ઉદ્દેશ વર્તમાન બેંકિંગ પ્રણાલીની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે કાનૂની માળખાને આધુનિક બનાવવાનો છે. આ વિધેયક બેંકર્સ બુક્સના સંદર્ભમાં પુરાવા સંબંધિત કાયદો પ્રદાન કરવાનો અને તેને સમકાલીન ડિજિટલ બેંકિંગ પ્રથાઓ સાથે એકરૂપ બનાવવાનો છે. તેમાં  એવી પણ જોગવાઈ છે કે બેંકના ચોપડાનો ઇલેક્ટ્રોનિક અથવા ડિજિટલ રેકોર્ડ પુરાવા તરીકે સ્વીકાર્ય, માન્ય અને કાયદેસર રીતે લાગુ કરી શકાય છે. વિધેયક પરની ચર્ચાનો જવાબ આપતાં, નાણામંત્રી સીતારમણે કહ્યું કે આ વિધેયક ખૂબ જ સુધારાવાદી પગલું છે, જે દેશને ઝડપી ગતિએ આગળ વધવામાં મદદ કરશે.

ચર્ચામાં ભાગ લેતા, ભાજપના અરુણ સિંહે જણાવ્યું હતું કે આ વિધેયક ભારતીય અર્થતંત્રની કરોડરજ્જુ ગણાતી બેંકિંગ પ્રણાલીને વધુ મજબૂત બનાવશે. બીજેડીના માનસ રંજન મંગરાજે બિલના ઉદ્દેશને ટેકો આપ્યો. તેમણે કહ્યું કે, ડેટા સુરક્ષા અને ગોપનીયતાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવી જોઈએ.

# EVE. RIJIJU DISCUSSION

કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ જણાવ્યું કે સરકાર તાજેતરના વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન અને સંબંધિત મુદ્દાઓ પર સંસદમાં વિગતવાર ચર્ચા માટે તૈયાર છે. ગૃહમંત્રી અમિત શાહ દરેક મુદ્દા પર જવાબ આપવા તૈયાર હોવાની ખાતરી આપતા, શ્રી રિજિજુએ જણાવ્યું કે નાગરિકોને હકીકતો જાણવાનો અધિકાર છે. તેમણે વિપક્ષને ફ્લોર પર વ્યવસ્થા જાળવવા અને કાર્યવાહીમાં વધુ અવરોધ ન લાવવા વિનંતી કરી.

**(BYTE : KIREN RIJIJU)**

***(छात्र आंदोलन पर स्टूडेंट्स के लिए युवाओं के लिए पूरा डिटेल में चर्चा दिल्ली में और देश भर में जो भी छात्र से संबंधित अभी जो भी आंदोलन चल रहे हैं, उसका चर्चा हो सकते हैं। मेरा अनुरोध है कांग्रेस पार्टी और विपक्ष के साथियों को कि जब छात्र आंदोलन को लेकर के सरकार चर्चा के लिए तैयार है तो आप बिल्कुल चर्चा के दौरान हंगामा नहीं करेंगे और गृह मंत्री जी का सरकार का जवाब पूर्ण रूप से पूरी तरह से सुनेंगे, शांति से यह भी आप विश्वास दिलाना पड़ेगा।)***

# RS- ETHANOL PROGRAMME

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ રાજ્યમંત્રી સુરેશ ગોપીએ માહિતી આપી છે કે સરકારે પેટ્રોલમાં ઇથેનોલ મિશ્રણ 20 ટકાથી વધુ વધારવાનો કોઈ નિર્ણય લીધો નથી. રાજ્યસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં, શ્રી ગોપીએ જણાવ્યું હતું કે ઉચ્ચ ઇથેનોલ મિશ્રણ અંગે ભવિષ્યમાં કોઈપણ નિર્ણય વિગતવાર વૈજ્ઞાનિક અને તકનીકી અભ્યાસ અને ઓટોમોબાઈલ ઉત્પાદકો અને ઓઇલ માર્કેટિંગ કંપનીઓ સહિત તમામ સંબંધિત હિસ્સેદારો સાથે પરામર્શ પછી જ લેવામાં આવશે. મંત્રીએ જણાવ્યું હતું કે ઇથેનોલ બ્લેન્ડેડ પેટ્રોલ કાર્યક્રમ નીતિ આયોગ, ઓટોમોબાઈલ ઉત્પાદકો, OMCs અને ટેકનિકલ સંસ્થાઓને સંડોવતા તબક્કાવાર, વૈજ્ઞાનિક રીતે માન્ય અને સલાહકાર પ્રક્રિયા દ્વારા લાગુ કરાયો છે.

# OM BIRLA - BAC MEETING

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ આજે ગૃહના સુચારુ સંચાલનમાં સહયોગ આપવા માટે ફ્લોર નેતાઓને વ્યક્તિગત અપીલ કરી. સંસદ ભવનમાં યોજાયેલી કામકાજ સલાહકાર સમિતિની બેઠક દરમિયાન, શ્રી બિરલાએ ગૃહમાં ગતિરોધ પર ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે ફ્લોર નેતાઓને ગૃહને પ્રશ્નકાળ શરૂ કરવા અને મુખ્ય વિધેયકો પર ચર્ચામાં ભાગ લેવા માટે કાર્યરત રહેવા દેવા વિનંતી કરી.

શ્રી બિરલાએ રચનાત્મક ચર્ચા-વિચારણા, અર્થપૂર્ણ ભાગીદારી અને સર્વોચ્ચ સંસદીય પરંપરાઓનું પાલન કરવાના મહત્વ પર પણ ભાર મૂક્યો.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in/**સ્લેશ/**GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# SHAH-HAR GHAR TIRANGA

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે કહ્યું કે હર ઘર તિરંગા અભિયાન એ દેશની સામૂહિક શક્તિનું પ્રતિબિંબ છે, જે નાગરિકોને વિકસિત ભારત બનાવવાના પ્રયાસમાં જોડે છે. એક સોશિયલ મીડિયા સંદેશમાં, તેમણે કહ્યું કે આ વર્ષે વંદે માતરમની 150મી વર્ષગાંઠ સાથે જોડાયેલું આ અભિયાન દરેક દેશભક્ત માટે આ પ્રસંગને વધુ હૃદયસ્પર્શી બનાવે છે. શ્રી શાહે નાગરિકોને તિરંગા યાત્રાઓ, તિરંગા રેલીઓ અને વંદે માતરમના સામૂહિક ગાન દ્વારા ઝુંબેશમાં ભાગ લેવા, ઉજવણી કરવા, તિરંગા લહેરાવા અને harghartiranga.com પર સેલ્ફી અપલોડ કરવા અપીલ કરી.

# J&K HAR GHAR TIRANGA

જમ્મુ કાશ્મીરમાં, હર ઘર તિરંગા અભિયાનના ભાગ રૂપે, તમામ જિલ્લાઓમાં તિરંગા યાત્રાઓ અને દેશભક્તિના કાર્યક્રમો યોજાઈ રહ્યા હતા. આ અભિયાનમાં સમાજના વિવિધ વર્ગના લોકો ભાગ લઈ રહ્યા છે, જેમાં ત્રિરંગો રેલીઓમાં લઈ જવામાં આવી રહ્યો છે અને જાહેર સ્થળો, શૈક્ષણિક સંસ્થાઓ અને સરકારી સંસ્થાઓ પર પ્રદર્શિત કરવામાં આવી રહ્યો છે. સાંભળીએ એક અહેવાલ..

(VOICE CAST : ISHFAQ SHAH)

*(कल हर घर तिरंगा अभियान की शुरुआत के साथ ही पुलवामा के त्राल इलाके, अनंतनाग, बारामूला और कई दूसरी जगहों पर तिरंगा यात्राएं निकाली गई, जिनमें युवाओं, छात्राओं, कर्मचारियों और स्थानीय लोगों ने बढ़-चढ़ के हिस्सा लिया। श्रीनगर में भी इस अभियान के तहत एक बड़ी तिरंगा रैली की तैयारी चल रही है। कश्मीर भर में जिला प्रशासन आने वाले दिनों में कई तिरंगा यात्राएं और जन भागीदारी कार्यक्रम आयोजित कर रहा है। स्थानीय लोग भी इस अभियान के तहत तिरंगे के साथ सेल्फी लेकर उत्साह पूर्वक इसमें भाग ले रहे हैं। आकाशवाणी समाचार के लिए मैं श्रीनगर से इश्फाक शाह।)*

# DELHI POLICE- CYBER FRAUD

દિલ્હી પોલીસે એક સંગઠિત સાયબર છેતરપિંડી નેટવર્કનો પર્દાફાશ કર્યો છે અને સાયબર ગુનાના શ્રેણીબદ્ધ કેસો મામલે નવ લોકોની ધરપકડ કરી છે. આરોપીઓ મેરઠ, ગાઝિયાબાદ અને જયપુરથી કાર્યરત હતા. સાંભળીએ આ અંગે અહેવાલ..

(BYTE : PRASHANT)

**(मध्य दिल्ली के पुलिस उपायुक्त रोहित राजवीर सिंह ने नई दिल्ली में आज मीडिया को जानकारी देते हुए बताया कि अब तक राष्ट्रीय साइबर अपराध रिपोर्टिंग पोर्टल एनसीआरपी पर इस ग्रहों से संबंधित करीब 19 शिकायतें दर्ज की गई हैं। यह शिकायतें महाराष्ट्र, कर्नाटक, बिहार, तमिलनाडु, तेलंगाना और उड़ीसा सहित कई राज्यों से मिली हैं। इन मामलों में करीब ₹65 लाख की ठगी की गई है। प्रादेशिक समाचार के लिए समाचार कक्ष से प्रशांत कुमार।)**

# UKRAINE-RUSSIA STRIKE

રશિયન ક્ષેત્રમાં આવેલા નિઝનેકામસ્ક શહેરમાં આજે યુક્રેનના ડ્રોન હુમલામાં ઓછામાં ઓછા 12 લોકો માર્યા ગયા અને 39 અન્ય ઘાયલ થયા. મોસ્કોથી 600 માઇલ દૂર પૂર્વમાં આવેલું નિઝનેકામસ્ક એક અદ્યતન તેલ રિફાઇનરીનું સ્થળ છે, જે આ હુમલાનું સંભવિત લક્ષ્ય હોઈ શકે છે. સોશિયલ મીડિયા પર ફરતા વીડિયોમાં શહેરની બહારના વિસ્તારમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળતા જોવા મળે છે.

# IRAN-HORMUZ

ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઇસ્માઇલ બઘાઇએ જણાવ્યું હતું કે જ્યાં સુધી અમેરિકા ઈરાન સામે નૌકાદળની નાકાબંધી ચાલુ રાખશે ત્યાં સુધી હોર્મુઝ સામુદ્રધુની ફરી ખુલશે નહીં. તેહરાનમાં સાપ્તાહિક પ્રેસ બ્રીફિંગને સંબોધતા, બઘાઇએ કહ્યું કે ઈરાન સામે અમેરિકા અને ઇઝરાયલી લશ્કરી આક્રમણને કારણે હોર્મુઝ સામુદ્રધુની બંધ કરવામાં આવી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે જળમાર્ગ ફરીથી ખોલવાનો નિર્ણય અમેરિકા અને ઇઝરાયલી અધિકારીઓ દ્વારા ઈરાન અને હોર્મુઝ સામુદ્રધુની પર લાદવામાં આવેલી શરતો પર આધાર રાખે છે.